### ઉમરેઠ નગરપાલિકા વોર્ડ નં. ૯ની પેટા ચૂંટણીમાં

# ભાજપ સામે અપક્ષ ઉમેદવારની ટક્કર

## કોંગ્રેસ-એન.સી.પી. પક્ષો અલિપ્ત રહ્યા : ૨૪મી સપ્ટેબરે મામલતદાર કચેરી ખાતે મત ગણતરી

## હાથ ધરાશે : પેટા ચૂંટણીનું પરીણામ ભાજપ મોવડીઓ સુધી અસર કરશે તેની ચર્ચા

ઉમરેઠ ન.પાની ખાલી પડેલી વોર્ડનં-૯ની એક બેઠકની પેટા ચૂંટણી આજે ચૂટણી અધિકારી (પ્રાંત અધિકારી) એન. ડી. મીસ્ત્રી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી મામલતદાર જી. આર. વસાવાની નિગરાનીમાં યોજાઈ હતી. ઉમરેઠ નગરપાલિકાના સભ્ય દીલીપભાઈ પટેલે રાજીનામુ આપી દેતા આ વોર્ડની પેટા ચૂંટણીમાં ભાજપમાં તાજેતરમાં રી-એન્ટ્રી થયેલા તેમજ શહેર સંગઠનના મંત્રી પદનો હોદ્દો સંભાળતા વોર્ડ નં. ૨ના પ્રકાશ ભીખાભાઈ પટેલને અપક્ષ ઉમેદવાર કિરણ રમણભાઈ પટેલ સામે મેદાનમાં ઉતારતા સમગ્ર શહેરવાસીઓની નજર હવે ચૂંટણીના પરીણામો ઉપર મંડાઈ છે. આગામી ૨૪ સપ્ટેબરના રોજ અત્રેની મામલતદાર કચેરી મુકામે મત ગણતરી હાથ ધરાનાર છે.


(તસવીર : સઈદ અહેમદ ચૌહાણ, ઉમરેઠ)

ચૂંટણી સમીક્ષકોના મતે આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારે કશું ગુમાવવાનું નથી. પરંતુ ચૂંટણીના પરીણામો ભાજપના પ્રદેશ મોવડીઓ સુધી જરૂર અસર કરશે. કેમકે ઉમરેઠ શહેર ભાજપમાં નગરપાલીકાની સત્તા હાંસલ કરવાના મામલે ચાલી રહેલી હુંસાતુસીની ફરીયાદો પ્રદેશ કાર્યાલય સુધી પહોચી છે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા આ ડેમેજને કંટ્રોલ કરવા ખાસ્સી જહેમત ઉઠાવવી પડી છે.

અત્રેની નાની જયુબીલી સ્કુલમાં ઉભા કરાયેલ ૩ બુથોમાં સવારના આઠ વાગ્યાથી મતદાન શરૂ કરવામાં આવ્યુ હતુ. સમગ્ર વિસ્તારમાં પી.એસ.આઈ. આર. કે. મોડીયા તથા પોલીસ સ્ટાફે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મળેલ જાણકારી મુજબ અંદાજે ૨૫૦૦ જેટલા મતો ધરાવતા આ વોર્ડમાં લગભગ ૪૦૦ જેટલા મુસ્લીમ મતો હોઈ ભાજપે છેક છેલ્લે સુધી એડીચોટીનું જોર લગાવવુ પડ્યુ હતુ.

શરૂઆતના બે કલાકમાં એક હજાર મતોનું મતદાન થયુ હતુ. જયારે મતદાન પૂર્ણ થવાના એક કલાક અગાઉ સુધી કુલ ૭૧.૨૪ ટકા એટલે કે ૧૭૮૯ મતો ઈ.વી.એમ. મશીનમાં પડી ચુકયા હતા. હજુ વધુમાં વધુ પાંચ ટકા જેટલો વધારો થવાની સંભાવના છે.

ચૂંટણી દરમ્યાન એવી પણ ચર્ચા સાંભળવા મળી હતી કે ભાજપે અન્ય વોર્ડના એટલે કે બહારના ઉમેદવારની પસંદગી કરી હોવાને કારણે ભાજપને માનનારા જૂથમાંથી જ અપક્ષ ઉમેદવારી કરી રોષ વ્યકત કર્યો છે. આ સાથે બંન્ને ઉમેદવારો પટેલ જ્ઞાતિના હોઈ પટેલ મતોનું ખાસ્સુ ધ્રુવિકરણ થવા પામ્યુ હતુ. અન્ય ભાજપ કમીટેડ મતોમાં પણ ભંગાણ પાડવામાં અપક્ષ જૂથ સફળ થયાનું કહેવાઈ રહયુ છે. જો તેમ થયુ હશે તો ભાજપ માટે આ વાત ચિંતાનું કારણ બની શકે. આમ આ ચૂંટણી ભારે રસાકસીભરી જોવા મળી હતી. હાલ તો બંન્ને પક્ષ ધ્વારા જીતનો દાવો કરાય છે. ત્યારે ૨૪ સપ્ટેબરના રોજ દૂધનું દૂધ અને પાણીનું પાણી મપાઈ જશે.



### ડીસા શહેરમાં નવરાત્રી પૂર્વે ઢોલક બનાવનાર કારીગરોનું આગમન

ડીસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી પૂર્વે રાજસ્થાન ના જયપુર ના મુસ્લીમ શેખ પરિવારો ઢોલક બનાવી વેચવા માટે આવી પહોંચ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરના રેલ્વેસ્ટેશન રોડ પર આ કારીગરો પોતાના પરિવારજનો સાથે ઢોલક બનાવી રહ્યા છે. રાજસ્થાન ના જયપુર ખાતે ના મુસ્લિમ શેખ પરિવારો ઢોલક બનાવવાનો વંશ પરંપરાગત વ્યવસાય જાળવી રહ્યા છે. તેઓ નવરાત્રી પહેલા ગુજરાતના વિવિધ શહેરોમાં ઢોલક બનાવી વેચવા જાય છે તેઓ નાના મોટા ઢોલક બનાવે છે અને પુર્વ તેમના યુવાનો શહેરના વિવિધ વિસ્તારોમાં ઢોલક વેચવા નીકળી પડે છે. નવરાત્રી પૂર્ણ થયા બાદ તેઓ તેમના વતનમાં જવા રવાના થઈ જાય છે. ડીસામાં છેલ્લા ત્રીસ વર્ષથી આ કારીગરો આવે છે. તેઓ આ દરમ્યાન સારી એવી કમાણી કરી લે છે. કારીગર મહમ્મદ શરીફ શેખે જણાવ્યું હતુ કે, અમારો પરીવાર આખા ગુજરાત રાજ્યમાં ફરતો હોઈ ત્યારે અમને અહીંના માણસો તેમજ સરકારી કર્મચારી, પોલીસ કર્મીઓ તેમજ કોઈપણ વ્યક્તિથી પરેશાની થતી નથી. (કાન્તિલાલ લોધા, ડીસા)

### ભારતના ચૂંટણી પંચના નાયબ કમિશનરે સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે

# યુવા અને મહિલા મતદારોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ : ઝુત્સી

હિંમતનગર, તા. ૨૩

ભારતના ચુંટણી પંચના નાયબ કમિશ્નર વિનોદ ઝુત્સીએ રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લાના -ંતિજ તાલુકાના દલપુર અને હિંમતનગર તાલુકાના આદર્શ હાઈસ્કૂલ, હડિયોલ ઝુત્સીએ જણાવ્યુ હતુ કે, મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ -માણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી, દ્વારા સ્વીપ અંતર્ગત ઝુંબેશને વધુ કાર્યનવિત કરવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં રાજય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવાલ, જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન


(તસવીર : મગનજી વણઝારા)

પુલ છાપરીયા શાળા, મતદાન મથકોની મુલાકાત લઈ ઈ-ગ્રામ કેન્દ્ર, બી.એલ.ઓ રજીસ્ટર તથા મતદાન મથકોએ ચાલી રહેલ મતદાર યાદીની સુધારણાની ખાસ ઝુંબેશની કામગીરી નિહાળી હતી. આ બેઠકમાં મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીના ખાસ કાર્યક્રમો યોજાય તેના પર ભાર મુકયો હતો.

ઉપરાંત નાયબ કમિશ્નર ઝુત્સીએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ધરા કેન્દ્ર મારફતે ચાલતી મતદાર સુધારણા , અધિક કલેકટર પી.કે.બારહટ, હિંમતનગર -ંત અધિકારી રીકેશ પટેલ, મામલતદાર પથિક પટેલ, નાયબ મામલતદાર દેવેશ પટેલ સહિત તમામ -ંત અધિકારીઓ અને મામલતદાર હાજર રહ્યા હતા.

# ડીસા રાજપુર વિસ્તારમાં ડેન્ગ્યુથી બાળકીના મોત બાદ પણ નગરપાલિકા તંત્ર લાપરવાહી


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૩

ડીસા શહેરના રાજપુર લોધાવાસ વિસ્તારમાં થોડા દિવસ પહેલા ડેન્ગ્યુના કારણે ૯ વર્ષની બાળકીનું મોત થવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ન ધરાતા લોકોમાં રોશની લાગણી પ્રવર્તી રહી છે.

ડીસા નગરપાલિકા દ્વારા અખબારોમાં પ્રસિધ્ધ મેળવવા માટે વિવિધ નાટક કરવામાં આવે છે ત્યારે ડીસા શહેરના લોધાવાસ માં બે દિવસ પહેલા ડેન્ગ્યુના કારણે એક બાળકીનું મોત થવા છતાં નગરપાલિકાના આળસુ સત્તાધીશોએ આ વિસ્તારમાં ફરકવાની પણ તસ્દી લીધી નથી આ વિસ્તારમાં ગંદકીના મામલે વારંવાર રજુઆતો થવા છતા તેના કોઈ પરિણામ મળ્યા નથી. જાહેર કાર્યક્રમમાં શહેરને સ્વચ્છ અને નિર્મળ બનાવવા ના બણગાં ફુંકતા સત્તાધીશો એ બાળકીના મોત બાદ પણ કોઈ કાર્યવાહી કરતા નથી. જાણે કે, તેઓ સંવેદના વિહીન બની ગયા હોય તેમ તેમની લાપરવાહી થી બનેલી કરૂણ ઘટનાને નજર અંદાજ કરી માનવતા વિહોણો વ્યવહાર કરી રહ્યા છે. આ વિસ્તારમાં રોગચાળા ને ડામવા માટે આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરાઈ છે. પરંતુ આ ઘટનાના ત્રણ દિવસ બાદ પણ નગરપાલિકા તંત્ર લાપરવાહી દાખવી રહ્યું છે.

### અંબાજી મંદિરની પ્રક્ષાલન વિધિ હોવાથી ૨૫મીએ મંદિર બપોરે ૧ વાગ્યાથી બંધ રહેશે

વહીવટદારશ્રી, અંબાજી માતા મંદિરની અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૨૫/૯/૨૦૧૩ ભાદરવા વદ-૬ બુધવારના રોજ -ક્ષાલન વિધિ હોવાથી અંબાજી મંદિર દર્શન માટે બપોરે ૧-૦૦ વાગ્યાથી બંધ રહેશે. સાંજની આરતી રાત્રે આશરે ૮-૩૦ થી ૯-૦૦ કલાક સુધીમાં થશે. તા.૨૬/૯/૧૩થી રાબેતા મુજબ મંદિર ખુલ્લુ રેહશે. જેની ભાવિક ભક્તોને નોંધ લેવા જણાવવામાં આવ્યું છે.

### ખેડબ્રહ્મામાં પત્નિ દ્વારા પતિ વિરુધ્ધમાં પોલીસ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્માના વાસણા માર્ગ પર રહેતા પ્રજાપતિ જયંતિભાઈ પોતાની પત્નીને શારિરીક અને માનસિક ત્રાસ આપતા પત્નીએ આખરે કંટાળી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્માના વાસણા માર્ગ પર રહેતા મંજુલાબેન હરિભાઈ કોદરભાઈ પ્રજાપતિના લગ્ન ૧૬ વર્ષ પહેલા જયંતિભાઈ છગનભાઈ પ્રજાપતિ સાથે થયા હતા. તેમના લગ્નજીવનથી બે સંતાનોમાં પુત્ર અને પુત્રીનો જન્મ થયો છે.

આ લગ્નજીવનમાં પતિ પત્નિ વચ્ચે છેલ્લા ૧૬ વર્ષથી નાના મોટા ઝઘડા થયા કરતા હતા. જયંતિભાઈ દ્વારા તેમની પત્નીને તું ખરાબ ચાલની છે તેમ કહી છેલ્લા ૧૬ વર્ષથી શારિરીક તથા માનસિક ત્રાસ અપાતા અને પિયરમાંથી એક મકાન તારા નામે કરાવી લે જેવી બાબતોએ મારઝુડ કરતાં મંજુલાબેને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૩૮ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૬૩ |
| રાયડો | ૫૦૦ | ૬૪૧ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૦ |
| જુવાર | ૨૮૫ | ૩૦૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| બંટી | ૨૫૦ | ૩૩૬ |
| મગ | ૮૨૧ | ૯૨૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૮૦ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૨૫ | ૬૬૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૫ |
| ડાંગર જ્યા | ૨૭૦ | ૩૨૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૪ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |

**તલોદ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૦ | ૨૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૯ | ૨૫૭ |
| ઘઉં | ૩૨૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૪ | ૭૦૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૨૨૬ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૪૫૦ | ૫૦૦ |
| એરંડા | ૬૯૩ | ૭૧૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૪૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૮૧ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૫૯૦ | ૬૬૦ |
| તલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૨૨ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| ડાંગર | ૨૪૦ | ૩૧૦ |
| બાજરી | ૨૧૦ | ૨૨૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| રાયડો | ૫૮૧ | ૫૯૧ |
| જીરૂ | ૨૧૬૦ | ૨૪૨૧ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૪૨૬ |
| બાજરી | ૨૧૩ | ૨૫૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૧ |
| રાજગરો | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૫ |
| ગવાર | ૭૦૦ | ૧૧૭૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૬૦૦ | ૬૧૫ |
| અડદ | ૭૨૦ | - |
| રાયડો | ૫૫૬ | ૬૧૯ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| ગવાર | ૯૨૫ | ૧૧૯૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૭૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૨૧ | - |

**ઊંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૨૨ |
| વરીયાળી | ૮૨૧ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૪૪૦ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૫૭૬ | ૬૬૧ |
| તલ | ૧૯૫૦ | ૨૦૦૧ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| રાયડો | ૫૭૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૨૦ |
| ચોરા | ૬૦૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૧૦૧ |
| જુવાર | ૩૧૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૧૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૯૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૮ | ૩૫૭ |
| રાયડો | ૫૩૫ | ૬૦૪ |
| બાજરી | ૨૦૫ | ૨૬૮ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| અજમો | ૬૩૦ | - |
| ગવાર | ૮૧૧ | - |
| બંટી | ૨૯૦ | - |
| રજકાના બી | ૨૦૫૦ | ૨૮૫૦ |

**અંબાલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૮ | ૭૦૩ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૯૫૧ | ૧૦૬૧ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૩૫૯ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| બાજરી | ૨૦૦ | ૨૪૬ |
| ઘઉં | ૩૦૧ | ૩૬૦ |
| ગવાર | ૯૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૭૦૧ | - |
| મગ | ૯૮૨ | ૧૦૩૫ |
| ચણા | ૪૬૫ | ૬૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૨૪ |
| સવા | ૬૪૦ | ૬૬૦ |
| બંટી | ૨૮૨ | ૩૦૨ |
| મેથી | ૪૯૨ | ૫૭૬ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૯૭ | ૭૦૧ |
| બાજરી | ૨૨૭ | ૨૭૦ |
| રાયડો | ૫૯૧ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૩૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૨૮૫ | ૩૧૬ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૫ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી






પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧


સુવિધાઓ


● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામઋ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન